PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/ક્વા-૦૧/૨૦૨૨-૨૩/ ૪૮૦૦-૪ તારીખ : ૧૩ - ૦૭ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
ભૂત રાજેશભાઈ નાનજીભાઈ
લાપાસરી રોડ, કિશોરભાઈ ભગાભાઈની વાડી પાછળ, મેવાડા ગોકળભાઈ આલાભાઈની બાજુમાં,
મું. પો. : કોઠારિયા, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૨
મોબાઈલ : ૯૯૧૩૭૪૪૬૫૬ ૭૦૬૭૮૮૧૬૫૬

વિષય : ઘરવપરાશનું નવું વીજ જોડાણ ન મળવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૦૨-૦૬-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૮/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ખોખડદળ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

E-Mail- forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૮/ક્વા-૧/૨૨-૨૩/ 4800-4 તા. 13-07-2022

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૨૮/ક્વા-૧/૨૨-૨૩**

| | |
|---|---|
| અરજદાર | : ભૂત રાજેશભાઈ નાનજીભાઈ ગામ: કોઠારિયા |
| પેટાવિભાગીય કચેરી | : ખોખડદળ |
| રજૂઆત કરનાર | : અરજદાર ભૂત રાજેશભાઈ નાનજીભાઈ અને વોરા જેન્તીભાઈ હાજર રહેલ છે. |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ |
| રજૂઆત કરનાર | : શ્રી એમ.આર. માકડિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

:: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | -શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય(ટેકનીકલ) | -શ્રી એન.જી.કારિયા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | -શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૨૮-૦૬-૨૦૨૨ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૮-૦૬-૨૦૨૨ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની રજૂઆત મુજબ ઝુપડા વીજળીકરણ યોજના અંતર્ગત ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટેની અરજી તા.૨૯.૦૫.૨૦૨૧ના રોજ વાવડી પેટા વિભાગીય કચેરીમાં આપેલ છે તે અરજીના તમામ ડોકયુમેન્ટ જોઈ તપાસીને અરજી સ્વીકારેલ છે. સદર અરજી સાથે નીચે મુજબના આધાર-પુરાવા જોડેલ છે.

(૧) એ/૧ ફોર્મ ફોટા સાથે (૨) બાજુવાળાનુ લાઈટબીલ (૩) રાજકોટ મ્યુનીસીપાલીટી કોર્પોરેશનનો દાખલો (૪) આધારકાર્ડ તથા ચુંટણીકાર્ડ (૫) રાશનકાર્ડ (૬) આવકનો દાખલો (૭) કોર્પોરેટરશ્રીનો દાખલો (૮) રૂા.૩૦૦/- ના સ્ટેમ્પપેપરમાં પી.જી.વી.સી.એલ.ના નિયમ મુજબનો સુચીત કરાર

નોટરાઈઝડ તથા (૯) રૂા.૩૦૦/-ના સ્ટેમ્પપેપરમાં જગ્યા ખરાબાની હોવાથી સોગંદનામું નોટરાઈઝડ જોડેલ છે.

૨.૧ અરજદારની અરજીના અનુસંધાને તા.૨૨.૦૬.૨૦૨૧ ના રોજ વાવડી પેટાવિભાગીય કચેરીના અધિકારી સ્થળ તપાસમાં આવેલા અને જણાવેલ કે બાજુમાં જયોતિગ્રામ ફિડરનું ટ્રાન્સફોર્મર તેમજ પોલ આવેલ હોઈ માંગેલ કનેકશન "એ" ટાઈપમાં આવતુ હોવાથી વહેલી તકે કનેકશન મળી જશે.

૨.૨ ત્યારબાદ વાવડી પેટાવિભાગીય કચેરીમાંથી બાયફરગેશન (ખોખળદળ પેટાવિભાગીય કચેરી) થતા અરજદારની આપેલ અરજી ખોખળદળ પેટાવિભાગીય કચેરીમાં ટ્રાન્સફર થતા અવાર-નવાર ઘણા ધક્કા ખાધા તેમજ લેખીત-મૌખીક રજુઆત કરતા ખોખળદળ પેટાવિભાગીય કચેરીના અધિકારી ફરીવાર સ્થળ તપાસ કરવા આવેલા અને અરજદારને જાણ કરેલકે તમારી આપેલ અરજી ઘણી જુની હોઈ તેઅરજીમાં નવા ડોકયુમેન્ટ આપવા પડશે ત્યારબાદ વીજજોડાણ મળી જશે.

૨.૩ અરજદારને વીજજોડાણની જરૂરિયાત હોવાથી ખોખળદળ પેટાવિભાગીય કચેરીના અધિકારી દ્વારા ડોકયુમેન્ટની માંગણી મુજબ તા.૨૪.૦૨.૨૦૨૨ નારોજ ફરીથી નવા ડોકયુમેન્ટ-(૧) એ/૧ ફોર્મ ફોટા સાથે (૨) રૂા.૩૦૦/ ના સ્ટેમ્પપેપરમાં પી.જી.વી.સી.એલના નિયમ મુજબ સુચીત કરાર નોટરાઈઝડ તથા (૩)રૂા.૩૦૦/-ના સ્ટેમ્પપેપરમાં જગ્યા ખરાબાની હોવાથી સોગંદનામું નોટરાઈઝડ કરાવીને આપેલ હતા.

૨.૪ ત્યારબાદ સદર બાબતે વીજજોડાણ અંગેની કાર્યવાહી ન થતા તા.૨૬.૦૪.૨૦૨૨ના રોજ લેખીતમાં અરજી આપેલ છે.

૨.૫ સદર અરજીના અનુસંધાને પીજીવીસીએલ દ્વારા તા.૧૨.૦૫.૨૦૨૨ ના રોજ નોટીસનં.૩૧૭૦ થી ડોકયુમેન્ટમાં નીચે પ્રકારની ક્ષતિઓ જણાવેલછે. તેવી (અર્થહિન નોટીસ આપેલ)

(૧) ખરાબાની જગ્યામાં ચતુઁદિશાનો નકશો માંગેલ હકીકતમાં ખરાબાની જગ્યામાં ચતુઁદિશા નકશો હોઈજ નહીં.

(૨) કનેકશનની માંગણી કરેલતે સરનામા કરતા આધારકાર્ડના સરનામા અલગ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

- જયારે અરજદારને ઘરવપરાશનું કનેકશન આપવામાં આવે ત્યારે આધારકાર્ડના સરનામામાં સુધારો કરી આપવામાં આવશે તેની ખાત્રી આપેલ છે.
- ખોખડદળ પેટાવિભાગીય કચેરીમાંથી અરજદારને ભુતકાળમાં વાડી વિસ્તારમાં જયોતિગ્રામ ફિડરમાંથી કનેકશન નહીં આપવા માટેનો હુકમ કરેલ છે તેવો નોટીસમાં ઉલ્લેખ કરેલ છે તો ખોખળદળ પેટાવિભાગીય કચેરીના અધિકારીનેતે હુકમની ક્ષતિઓનો અભ્યાસ કરવો જોઈએ.
- અરજદારની બાજુમાંથી ૧૦ થી ૧૫ ફુટ દુર જયોતિગ્રામ ફિડરનું ટી.સી. અને અરજદારના મકાનની બાજુમાંજ પોલ આવેલ તેમાંથી અરજદારની બાજુમાં (૧) મેવાળા ગોકળભાઈ આલાભાઈ- ગ્રાહકનં.૬૨૧૧૩/૪૫૭૩૧/૮ તથા (૨) લાંબડીયા શૈલેષભાઈ હકાભાઈ- ગ્રાહકનં.૬૨૧૧૩/૪૫૭૩૨/૬ થી ઝુપડા વિજળીકરણ યોજનામાંથી જ આપેલ.
- લોકશાહીમાં આમ ગ્રાહકને કનેકશન માનસીક ત્રાસ આપવોતે માનવ અધિકારના નિયમ મુજબ ગંભીર ભુલ છે. માણસ માત્ર ભુલને પાત્ર તે હું જાણું છું પણ વારંવાર કરવામાં આવતી ભુલને ભુલન કહેવાય આવી ભુલ કરવીતે નોકરીયાત માટેની ગંભીર ભુલ છે.
- પી.જી.વી.સી.એલ.માં ગ્રાહકો (અરજદારો) ને સુવિધા આપવા માટેના ઘણા કાયદા છે. દાખલા તરીકે ગ્રાહક અમારો અનમોલમોતી છે પણ આ બાબતનો ડીસીપ્લીન થી ચર્ચા કરતા નથી અને નિષ્ઠાથી કામ કરતા નથી. પી.જી.વી.સી.એલ.ના ઉંચા પગાર ધોરણ મુજબ જે આઉટપુટનું કામ કરવાનું હોઈ તે ઈનપુટનું કામ કરવામાં વધારે રસ ધરાવે છે. (બેદરકારી)

- ગ્રાહકો (અરજદારો)ને પી.જી.વી.સી.એલ. સિવાય કોઈપણ જગ્યાએથી પાવર મળતો નથી તો પી.જી.વી.સી.એલ.ની જે પાવરની મોનીપોલી છે માટે ગ્રાહકો (અરજદારો)ને હેરાન કરવામાં આવે છે.

આ બાબતમાં અરજદારે ઘણા ધકા ખાધા તથા લેખીત તેમજ મૌખીકમાં પણ ઘણીવાર રજુઆત કરેલ છતા અરજદારને કોઈ સંતોષપુર્વક જવાબ ન મળવાને અરજદારે નવું વીજજોડાણ મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદારની રજૂઆત અન્વયે- પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદારશ્રી ભૂત રાજેશભાઈ નાનજીભાઈ દ્વારા ઘર વપરાશનું વીજજોડાણની માંગણીવાળો વિસ્તાર ખોખડદળ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. ખોખડદળ પેટાવિભાગીય કચેરીના પત્ર નં.KHOSD/TECH/4357, DTD:16.06.2022માં જણાવ્યા મુજબ સદર અરજદાર દ્વારા જે તે સમયે અર્થાત તા.૨૯.૦૫.૨૦૨૧ ના રોજ વાવડી પેટા વિભાગીય કચેરીમાં 1 phase વીજજોડાણ માટે ઝૂપડપટ્ટી વીજળીકરણ અંતર્ગત અરજી કરેલ હતી, જે તે સમયે તે અરજી વાવડી પેટાવિભાગીય કચેરીમાં પેન્ડીંગ હોય અને ત્યારબાદ તા.૧૬.૦૭.૨૦૨૧ ના રોજ વાવડી પેટા વિભાગીય કચેરી માંથી બાયફરકેટ થઈ ખોખડદળ પેટાવિભાગીય કચેરી કાર્યરત થયેલ. સદર ગ્રાહક દ્વારા સદર અરજી બાબતે ખોખડદળ પેટાવિભાગીય કચેરીમાં કોઈ લેખિત ફરિયાદ કરેલ નથી. ત્યારબાદ તારીખ:૨૪.૦૨.૨૦૨૨ ના રોજ ખોખડદળ પેટાવિભાગીય કચેરી ખાતે અરજી કરેલ જેમાં શામેલ ડોક્યુમેંટ્સ તથા સ્થળ તાપસણી કરતાં નીચે મુજબની ક્ષતિઓ જણાયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

1) અરજદાર દ્વારા માંગવામાં આવેલ કનેકશનનું સરનામું તેમના આધારકાર્ડના સરનામા કરતાં અલગ છે.
2) અરજદાર પોતે છેલ્લા ૦૫ વર્ષથી ત્યાં રહેતા હોય તેવું સોગંદનામું આપેલ છે પરંતુ સ્થળ તપાસ કરતાં ત્યાં ફકત એક ઓરડી છે જેના ફોટા રજુ કરેલ છે અને ત્યાં કોઈ જ પ્રકારનું બોનોફાઇડ રહેણાક હોય તેવું જણાતું નથી.
3) ZP યોજનામાં 1 KW સુધીના કરારીત વીજભારનું જોડાણ આપી શકાય છે. અરજદાર દ્વારા માંગવામાં આવેલ કનેકશન સીમ વિસ્તારમાં હોય તેમજ ટેકનીકલી ખેતીવાડી ફિડરમાથી પાવર આપી શકાય તેમ છે અને AG ફીડરમાં પણ 24 કલાક માટે 1 PHASE સપ્લાય ચાલુ જ હોય છે.

સદર દસ્તાવેજીક પેપર્સ ચકાસતા સદર અરજદારનું મકાનવાડી વિસ્તારના ખરાબામાં હોય તેમ લાગે છે. નામદાર CGRF દ્વારા ભૂતકાળમાં વાડી વિસ્તારમાં સલામતીની દ્રષ્ટિએ જ્યોતિગ્રામ ફીડરમાથી કનેકશન નહીં આપવા અંગેના હુકમની નકલ પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ ઝુપડા વીજળીકરણ યોજના અંતર્ગત ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટેની અરજી તા.૨૯.૦૫.૨૦૨૧ના રોજ વાવડી પેટાવિભાગીય કચેરીમાં નીચે મુજબના આધાર-પુરાવા જોડીને આપેલ હતી.

(૧) એ/૧ ફોર્મ ફોટા સાથે (૨) બાજુવાળાનુ લાઈટબીલ (૩) રાજકોટ મ્યુનીસિપલ કોર્પોરેશનનો દાખલો (૪) આધારકાર્ડ તથા ચુંટણીકાર્ડ (૫) રાશનકાર્ડ (૬) આવકનો દાખલો (૭) કોર્પોરેટરશ્રીનો

દાખલો (૮) રૂા.૩૦૦/– ના સ્ટેમ્પપેપરમાં પી.જી.વી.સી.એલ.ના નિયમ મુજબનો સુચીત કરાર નોટરાઈઝડ તથા (૯) રૂા.૩૦૦/–ના સ્ટેમ્પપેપરમાં જગ્યા ખરાબાની હોવાથી સોગંદનામું નોટરાઈઝડ જોડેલ છે.

૪.૨ ઉપરોક્ત મુદ્દા નં ૪.૧ મુજબ અરજદારની અરજી અન્વયે ખોખડદળ પેટાવિભાગીય કચેરી પત્ર નં 4357, DTD:16.06.2022 થી જણાવે છે કે ખોખડદળ પેટાવિભાગીય કચેરી તા.૧૬.૦૭.૨૦૨૧ ના રોજ વાવડી પેટાવિભાગીય કચેરીમાથી વિભાજન થઈ કાર્યરત થયેલ તે સમયે અરજદારની સદર અરજી પેન્ડીંગ હતી. અરજદાર દ્વારા સદર અરજી બાબતે ખોખડદળ પેટાવિભાગીય કચેરીમાં કોઈ લેખિત ફરિયાદ કરેલ નથી. ત્યારબાદ તારીખ:૨૪.૦૨.૨૦૨૨ ના રોજ ખોખડદળ પેટાવિભાગીય કચેરી ખાતે અરજી કરેલ જેમાં શામેલ દસ્તાવેજીક પેપર્સની સ્થળ તપાસણી કરતાં નીચે મુજબની ક્ષતિઓ જણાયેલ છે.

1) અરજદાર દ્વારા માંગવામાં આવેલ કનેકશનનું સરનામું તેમના આધારકાર્ડના સરનામા કરતાં અલગ છે.

| અરજદાર દ્વારા માંગવામાં આવેલ કનેકશનનું સરનામું (એ-૧ ફોર્મ મુજબ) | અરજદારના આધારકાર્ડમાં દર્શાવેલ સરનામું |
|---|---|
| લાપાસરી રોડ, કિશોરભાઈ ભગાભાઈની વાડીની પાછળ, ગોકળભાઈની વાડીની પાસે, કોઠારિયા રાજકોટ | પીપળાવળી શેરી, ચોરાની પાસે, કોઠારિયા, રાજકોટ |

2) અરજદાર પોતે છેલા ૦૫ વર્ષ થી ત્યાં રહેતા હોય તેવું સોગંદનામું આપેલ છે પરંતુ સ્થળ તપાસ કરતાં ત્યાં ફકત એક ઓરડી છે. જેના ફોટા રજુ કરેલ છે અને ત્યાં કોઈ જ પ્રકારનું બોનોફાઇડ રહેણાક હોય તેવું જણાતું નથી.

3) ZP યોજનામાં ૦૧ KW સુધીના કરારીત વીજભારનું જોડાણ આપી શકાય છે. અરજદાર દ્વારા માંગવામાં આવેલ કનેકશન સીમ વિસ્તારમાં હોય તેમજ ટેકનિકલી ખેતીવાડી ફિડરમાથી પાવર આપી શકાય તેમ છે અને AG ફીડરમાં પણ 24 કલાક માટે 1 PHASE સપ્લાય ચાલુ જ હોય છે.

સદર દસ્તાવેજીક પેપર્સ ચકાસતા સદર અરજદારનું મકાન વાડી વિસ્તારના ખરાબામાં હોય તેમ લાગે છે, નામદાર CGRF દ્વારા ભૂતકાળમાં વાડી વિસ્તારમાં સલામતીની દ્રષ્ટિએ જ્યોતિગ્રામ ફીડરમાથી કનેકશન નહીં આપવા માટેનો હુકમની નકલ પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ છે.

૪.3 અરજદારની અરજી તા.૨૯.૦૫.૨૦૨૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની ખોખડદળ પેટાવિભાગીય કચેરીના પત્ર નં.૩૧૭૦ તા.૧૨.૦૫.૨૦૨૨ મુજબ અરજદાર પાસેથી નીચે મુજબના આધાર-પુરાવાની પૂર્તતા કરવા જણાવેલ છે.

1) મકાનની ચર્તુંદિશાનો નકશો શામેલ નથી.

2) અરજદાર દ્વારા માંગવામાં આવેલ કનેકશન નું સરનામું તમારા આધાર કાર્ડ ના સરનામાં કરતાં અલગ છે.

3) અરજદાર દ્વારા માંગવામાં આવેલ કનેકશનનો કોઈ જગ્યાનો પુરાવો શામેલ નથી.

૪.૪ સદર કેસમાં અરજદારની ઝુંપડપટ્ટી યોજના અંતર્ગત ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટેની અરજી અન્વયે પીજીવીસીએલ દ્વારા મુદ્દા નં ૪.3 મુજબ જરૂરી સ્પષ્ટતા અને આધાર-પુરાવા રજુ કરવા અરજદારને જાણકારી આપવામાં આવે છે જે રજુ થયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કંપનીમાં પ્રર્વતમાન

રહેલ ઝૂપડપટ્ટી યોજના અંતર્ગત વીજજોડાણ આપવાની કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૬ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (શ્રી એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) ના વિનિયમો ૨૦૧૯ ના જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧